પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર


E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૬૨, કુલ પાના:૪, તારીખ: ૩૦-૦૬-૨૦૨૧ બુધવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 262 PRICE :-RS. 1.50 DATE : 30-06-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### સુપ્રિમ કોર્ટે મહત્ત્વપૂર્ણ ચુકાદો સંભળાવ્યો

## તમામ રાજ્યો ૩૧ જુલાઈ સુધી વન નેશન-વન રાશન કાર્ડ યોજના લાગુ કરે



ન્યુ દિલ્હી,

સુપ્રીમ કોર્ટે પોતાના મહત્વના આદેશમાં કહ્યું છે કે, દેશભરમાં તમામ રાજ્ય વન નેશન, વન રાશન કાર્ડની સ્કીમ ૩૧ જુલાઈ સુધી લાગું કરે. સુપ્રીમ કોર્ટે રાજ્યોને કહ્યું છે કે, જ્યાં સુધી કોવિડ મહામારીની સ્થિતિ બની રહે છે, ત્યાં સુધી કોમ્યુનિટી કિચન ચલાવો અને પ્રવાસી મજૂરોને રાશન ઉપલબ્ધ કરાવો. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ અશોક ભૂષણની આગેવાનીવાળી બેંચે મંગળવારના આ મહત્વનો ચુકાદો સંભળાવ્યો.

અદાલતે કહ્યું કે, પ્રત્યેક રાજ્ય જરૂરી રીતે વન નેશન, વન રાશ કાર્ડની સ્કીમ લાગુ કરે જેથી પ્રત્યેક પ્રવાસી મજૂર દેશના કોઈ પણ ભાગથી રાશન કાર્ડના આધાર પર સરકારી સ્કીમનો લાભ લઈ શકે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, જે રાજ્યોએ અત્યાર સુધી વન નેશન, વન રાશનની સ્કીમ લાગુ નથી કરી તેઓ ૩૧ જુલાઈ સુધી અનિવાર્ય રીતે આ સ્કીમને લાગું કરે. સુપ્રીમ કોર્ટે પ્રવાસી મજૂરોના વેલફેર માટે અન્ય નિર્દેશ પણ જાહેર કર્યા છે.

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કહ્યું છે કે, તે એનઆઈસીથી સંપર્ક કરે. તમામ અસંગઠિત મજૂરો અને પ્રવાસી મજૂરોના રજિસ્ટ્રેશન માટે પોર્ટલ તૈયાર કરે. આ પ્રક્રિયા ૩૧ જુલાઈ સુધી શરૂ થઈ જવી જોઈએ. કેન્દ્ર સરકારને સુપ્રીમ કોર્ટે એ પણ નિર્દેશ આપ્યો છે કે તે પ્રવાસી મજૂરોના અનાજના પુરવઠા માટે રાજ્યોની ડિમાન્ડના આધારે તેમને અનાજ ઉપલબ્ધ કરાવે. સાથે જ રાજ્યોને કહ્યું કે, તે મજૂરોને જ્યાં સુધી કોરોનાની સ્થિતિ છે ત્યાં સુધી ડ્રાય રાશન ઉપલબ્ધ કરાવે. સાથે જ રાજ્યોને કહ્યું છે કે, તે કોમ્યુનિટી કિચન ચલાવતા રહે અને જ્યાં સુધી કોરોના મહામારીની સ્થિતિ છે કોમ્યુનિટી કિચન ચાલે જેથી પ્રવાસી મજૂરોને તેનો લાભ મળી શકે.

**પ્રવાસી મજૂરોને મોટી રાહત, કોવિડ-૧૯ સ્થિતિ રહે ત્યાં સુધી ફ્રી રાશન આપવાના નિર્દેશ, કેન્દ્ર રાજ્યોને માંગ પ્રમાણે અનાજ ઉપલબ્ધ કરાવે,અસંગઠિત ક્ષેત્રમાં કામદારોની નોંધણી ૩૧ જુલાઈ સુધીમાં પૂર્ણ થવી જોઈએ**

સુપ્રીમ કોર્ટે રાજ્યોને કહ્યું છે કે, તમામ સંબંધિત સંસ્થાઓ અને કોન્ટ્રાક્ટર્સને ઈન્ટર સ્ટેટ માઈગ્રન્ટ વર્કર્સ એક્ટ ૧૯૭૯ હેઠળ રજિસ્ટર કરવામાં આવે. સુપ્રીમ કોર્ટે ગત આદેશમાં કહ્યું હતું કે, પ્રવાસી મજૂરોના રજિસ્ટ્રેશનની પ્રક્રિયા ઘણી ધીમી છે. રજિસ્ટ્રેશન પ્રક્રિયા નિશ્ચિત રીતે ઝડપી કરવામાં આવે જેથી કોવિડ સમયે આ પ્રવાસી મજૂરોને લાભવાળી યોજનાઓનો લાભ મળી શકે.

## શ્રીનગરના પારિંપોરામાં અથડામણમાં સેનાએ બે આતંકીઓને ઠાર કર્યા



પારિંપોરા,

શ્રીનગરના પારિંપોરામાં સોમવાર સાંજથી ચાલી રહેલી અથડામણમાં સુરક્ષાદળોએ ૨ આતંકવાદીઓને ઠાર કર્યા છે. આમાં પાકિસ્તાની આતંકવાદી નદીમ અબરાર અને એક તેનો સ્થાનિક સાથી સામેલ છે. અબરાર લશ્કર-એ-તૈયબાનો ટોચનો કમાન્ડર પણ હતો. તેની ગઈકાલે જ ધરપકડ કરવામાં આવી હતી. મોડી રાત સુધી ફક્ત એક આતંકવાદીના માર્યા જવાના સમાચાર હતા. સોમવાર સાંજે ૬ વાગ્યે સુરક્ષાદળોએ આ સંપૂર્ણ વિસ્તારને ઘેરી લીધો હતો.

સૌથી પહેલા અહીંથી સ્થાનિક લોકોને બહાર નીકાળવામાં આવ્યા. અબરારના પગલે હથિયારોની શોધ કરવામાં આવી રહી હતી, ત્યારે એક ઘરમાં છૂપાયેલા તેના સાથીએ ફાયરિંગ શરૂ કરી દીધું. આમાં સીઆરપીએફના ૩ જવાન અને અબરાર ઘાયલ થઈ ગયા. જવાબી કાર્યવાહીમાં અબરારનો સાથી માર્યો ગયો. બાદમાં અબરારનું પણ મોત થયું. ૨૪ કલાકમાં શ્રીનગરના સૌથી સુરક્ષિત વિસ્તારોમાં ૩ મોટી ઘટનાઓ બની, જ્યારે ત્રાલમાં આતંકવાદીઓએ એક પોલીસ કર્મચારીના પરિવારને નિશાન બનાવ્યો.

ઉલ્લેખનીય છે કે શનિવાર અને રવિવારના જમ્મુ એરફોર્સ સ્ટેશન અને જમ્મુના આર્મી સ્ટેશન પર ડ્રોન જોવા મળ્યા. જમ્મુ એરફોર્સ સ્ટેશન પર ૨ ધમાકાઓ કરવામાં આવ્યા. આમાં ૨ જવાનો ઘાયલ થયા. ડ્રોન દ્વારા એરબેઝની અંદર ૨ આઈઈડી ફેંકવામાં આવ્યા હતા. બંને ધમાકા શનિવાર રાત્રે દોઢથી ૨ વાગ્યાની વચ્ચે થયા. બ્લાસ્ટ ઈન્ડિયન એરક્રાફ્ટની નજીક થયો હતો. આ જગ્યા ઈન્ટરનેશનલ બોર્ડરથી ૧૪ કિમીના અંતરે છે.

## મુખ્યમંત્રી રૂપાણીએ આંગણવાડીના ૧૪ લાખ બાળકોને વિના મૂલ્યે યુનિફોર્મનું વિતરણ કર્યું



ગાંધીનગર,

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે રાજ્યભરની આંગણવાડીઓના ૧૪ લાખ બાળકોને વિના મૂલ્યે યુનિફોર્મ વિતરણ કર્યું હતું. રાજ્યની ૫૩,૦૨૯ આંગણવાડીઓના નાના ભૂલકાઓને સેવાનો લાભ મળશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ૩૬ કરોડ ૨૮ લાખના ખર્ચે આકાર પામેલી આ યુનિફોર્મ વિતરણ યોજનાનો ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સ દ્વારા પ્રારંભ કરાવ્યો હતો. કોરોનાકાળ દરમ્યાન રાજ્યના ૩ થી ૬ વર્ષના ૧૬ લાખ જેટલા ભૂલકાઓને પોષણક્ષમ આહાર માટે દર અઠવાડિયે ૧ કિલો ગ્રામ સુખડી આપવાની પહેલ પણ ગુજરાતે કરી છે.

રાજ્યમાં કોરોના સંક્રમણકાળમાં મહિલા બાળ વિકાસ વિભાગ દ્વારા આયોજીત 'હેન્ડ વોશ' કેમ્પઈનમાં એક સાથે પાંચ લાખ બહેનોએ પાંચ હજાર સ્થળોએ જોડાઈને નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. આ ગૌરવ સિદ્ધિ માટે વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ લંડનનું પ્રમાણ પત્ર તેમના પ્રતિનિધિએ મુખ્યમંત્રીને અર્પણ કર્યું હતું. મુખ્યમંત્રીએ આ ગૌરવ સિધ્ધિ માટે મહિલા અને બાળ કલ્યાણ વિભાગને અભિનંદન આપતા આ પ્રમાણપત્ર વિભાગને એનાયત કર્યું હતું.

આ સાથે જ મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ગણપતભાઈ વસાવા, રાજ્યમંત્રી વિભાવરીબેન દવે, મહિલા બાળ વિકાસ કમિશનર કે.કે નિરાલા તેમજ આઈ.સી.ડી.એસ નિયામક ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રી સાથે આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યના વિવિધ જિલ્લા મથકો-મહાનગરોમાં પદાધિકારીઓ યુનિફોર્મ વિતરણના વર્ચ્યુલ કાર્યક્રમમાં જોડાયા હતા. મુખ્યમંત્રીએ ભૂલકાઓને ગાંધીનગરમાં મુખ્યમંત્રી નિવાસ સ્થાને પ્રતિક રૂપે યુનિફોર્મ વિતરણ કરવા સાથે આગવી સંવેદના દર્શાવતા આ બાળકોને પોતાના તરફથી ભેટ અર્પણ કરી હતી.

## ભારતમાં કોરોનાના દૈનિક કેસ ઘટીને ૪૦ હજારની અંદર પહોંચ્યા, મૃત્યુઆંક ૧૦૦૦થી નીચો

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોનાના કેસોમાં ધીમી ગતિએ ઘટાડો થઈ રહ્યો છે. છેલ્લા સાડા ત્રણ મહિના અર્થાત ૧૦૨ દિવસ બાદ દૈનિક પોઝિટિવ કેસો ૪૦ હજારની નીચે નોંધાયા છે. દેશમાં ૨૪ કલાકમાં નવા ૩૭,૫૬૬ નવા કેસ સામે આવ્યા છે તેમજ વધુ ૯૦૭ દર્દીના મોત થયા છે. કોરોનાના કુલ સંક્રમિત દર્દીઓની સંખ્યા વધીને ૩,૦૩,૧૬,૮૯૭ થઈ છે. સળંગ બીજા દિવસે એક હજારથી ઓછા લોકોના મોત થયા હોવાનું કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું.

છેલ્લા ૭૭ દિવસમાં દૈનિક મૃત્યુનો આંકડો સૌથી ઓછો ૯૦૭ રહ્યો છે. કોરોનાથી અત્યાર સુધીમાં કુલ ૩,૯૭,૬૩૭ દર્દીના મોત થયા છે. કેન્દ્રીય મંત્રાલયના મતે દેશમાં કુલ ૩૨.૯૦ કરોડ વેક્સિનના ડોઝ આપવામાં આવ્યા છે.

સક્રિય કેસનો આંક ઘટીને ૫,૫૨,૬૫૯ થયો છે જે કુલ કેસ લોડના ૧.૮૨ ટકા થાય છે. અત્યાર સુધીમાં કોરોનાથી કુલ ૨,૯૩,૬૬,૬૦૧ દર્દીઓ સ્વસ્થ થયા છે જેને પગલે રિકવરી રેટ વધીને ૯૬.૮૭ ટકા નોંધાયો છે. દેશમાં કોરોનાના કુલ ૪૦,૮૧,૩૯,૨૮૭ ટેસ્ટ હાથ ધરાયા છે. સોમવારે એક દિવસમાં કુલ ૧૭,૬૮,૦૦૮ કેસ નોંધાયા છે. દૈનિક પોઝિટિવિટી રેટ સળંગ ૨૨માં દિવસે ૫ ટકાથી નીચે ૨.૧૨ ટકા નોંધાયો છે જ્યારે સાપ્તાહિત પોઝિટિવિટી રેટ ૨.૭૪ ટકા છે. છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૯૦૭ દર્દીના મોત થયા છે જે પૈકી મહારાષ્ટ્રમાં ૨૮૭, કેરળમાં ૧૧૦, તમિલનાડુમાં ૯૮ અને કર્ણાટકમાં ૯૩ દર્દીના મોત થયા છે. ભારતમાં કોરોના વાયરસના ૨૦ લાખ કેસ ૭ ઓગસ્ટના રોજ થયા હતા, આ પછી ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરે ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખ પર પહોંચી ગયા હતા. આ પછી ૬૦ લાખ પહોંચતા ૨૮ સપ્ટેમ્બર સુધીનો ટૂંકો સમય લાગ્યો હતો. જે પછી ૧૧ ઓક્ટોબરે ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરે ૮૦ લાખ, ૨૦ નવેમ્બરે ૯૦ લાખ અને ૧૯ ડિસેમ્બરે કોરોનાના કુલ કેસનો આંકડો ૧ કરોડને પાર થઈ ગયો હતો. આ પછી ૧૯ એપ્રિલે ભારતમાં કોરોના કુલ કેસનો આંકડો ૧.૫૦ કરોડને પાર થયો હતો. ૪ મેના કેસ સાથે આ આંકડો ૨ કરોડને પાર કરી ગયો છે. ૧૮મેના રોજ જાહેર થયેલા આંકડા પ્રમાણે દેશમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૨.૫ કરોડને પાર થઈ ગઈ હતી. ૨૩ મેના નવા કેસ સાથે કુલ કેસ ૩ કરોડને પાર થઈ ગયા છે.

## કોરોનાની સ્થિતિ જોયા બાદ રથયાત્રા અંગે નિર્ણય લેવાશે: પ્રદિપસિંહ જાડેજા




ગાંધીનગર,

ભગવાન જગન્નાથજીની રથયાત્રાને લઈને હજુ અસમંજસની સ્થિતિ છે ત્યારે ગૃહ રાજ્યપ્રધાન પ્રદિપસિંહ જાડેજાએ ફરી એક વખત રથયાત્રા યોજવા અંગે સરકારનું વલણ સ્પષ્ટ કર્યું છે. પ્રદીપસિંહે જણાવ્યું કે, 'રથયાત્રા સાથે અનેક લોકોની આસ્થા જોડાયેલી છે. કોરોનાની બીજી લહેર આપણે સૌએ જોઈ છે. રથયાત્રા યોજવા મુદ્દે ટ્રસ્ટી અને અધિકારીઓ સાથે ચર્ચા થઈ છે. સરકાર પરિસ્થિતિનું નિરીક્ષણ કરી રહી છે. ૧૨ જુલાઈએ કોરોનાની શું સ્થિતિ છે તે જોઈને જ સરકાર રથયાત્રા અંગે નિર્ણય લેશે.'

ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ પત્રકાર પરિષદ યોજીને નિવેદન આપતા જણાવ્યું છે કે, '૫૩ હજાર આંગણવાડીના ૧૪ લાખ બાળકોને ૩૬ કરોડ ના ખર્ચે ૨ જોડી ગણવેશ આપવામાં આવ્યાં. રાજ્યના જુદા જુદા જિલ્લામાં મંત્રી સહિતના આગેવાનો.ની ઉપસ્થિતિમાં પૂર્ણ કર્યો. બાળકની ૩થી ૬ વર્ષની ઉંમર એવી હોય છે જેમાં તેની સાથેના વ્યવહારની એક છબી બને છે આવી ભાવનાથી સીએમ અને વિભાગ ન મંત્રી એ આજથી આ યોજના શરૂ કરી છે.'

વધુમાં વેક્સિનેશન અંગે નિવેદન આપતા જણાવ્યું કે, 'કોરોના સંક્રમણના બીજા તબક્કામાં સેકન્ડ વેવની અસર ઘટી રહી છે. વેક્સિનેશન પુરજોશમાં ચાલે છે. ત્રીજી વેવને નિવારવા માટે અમે કટિબદ્ધ છીએ. રાજ્યમાં વેક્સિનેશનને લઈને ક્યાંય અવ્યવસ્થા પણ જોવા મળી છે. તે અવ્યવસ્થા ન સર્જાય તેનું જરૂરી આયોજન પણ અમે કરીશું.

## સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટને રોકવાની માંગ કરતી અરજી સુપ્રિમ કોર્ટે ફગાવી



ન્યુ દિલ્હી,

કોવિડ મહામારીની બીજી લહેરને જોતા સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટને રોકવાની માગ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટે પણ ઝટકો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે આ મામલે દિલ્હી હાઈકોર્ટના આદેશમાં દખલ આપવાની ના પાડી દીધી છે. સાથે જ આ અરજી પણ ફગાવી દીધી છે. આ અગાઉ દિલ્હી હાઈકોર્ટે પોતાના આદેશમાં અરજી રદ તો કરી પણ સાથે સાથે અરજીકર્તા પર એક લાખનો દંડ પણ લગાવ્યો હતો. જે બાદ અરજીકર્તાઓ સુપ્રીમ કોર્ટમાં ગયા હતા.

સુપ્રીમ કોર્ટે મંગળવારે દિલ્હી હાઈકોર્ટ દ્વારા લાદવામાં આવેલા એક લાખના દંડ સામે દાખલ કરેલી અરજીને ફગાવી દીધી છે. આ સાથે સુપ્રીમ કોર્ટે અરજદારના હેતુ અંગે દિલ્હી હાઈકોર્ટ દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નો પણ વાજબી ગણાવી છે. સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી હતી કે તમે ફક્ત એક જ પ્રોજેક્ટ પર રોકવાની માંગ કરી છે, જ્યારે અન્ય પ્રોજેક્ટ્સ પણ રાજધાનીમાં ચાલુ છે.

હકીકતમાં જોઈએ તો, સુપ્રીમ કોર્ટમાં દિલ્હી હાઈકોર્ટના આદેશને પડકારતા અરજદારોએ કહ્યું હતું કે, હાઈકોર્ટે કોઈપણ કારણ વગર તેમના સાચા ઈરાદાની ખોટુ અર્થઘટન કરવા ઉપરાંત, કોઈપણ તપાસ કર્યા વગર માત્ર મૂલ્ય અંગેની અરજીને ફગાવી દીધી હતી. અરજદારોએ તેમની દલીલમાં કહ્યું હતું કે તેમની અરજી પવિત્ર સ્વાસ્થ્ય સુરક્ષા સાથે સંબંધિત છે, કારણ કે કોવિડની ભયાનક બીજી લહેર દિલ્હી શહેરને તબાહી કરી હતી અને અહીંની નબળી આરોગ્ય વ્યવસ્થાને ઉજાગર કરી હતી, પરંતુ હાઈકોર્ટે તેને કેન્દ્રીય ગણાવી હતી.

## હમણાં તો નહિ જ અટકે: પેટ્રોલમાં ૩૪ પૈસા અને ડિઝલમાં ૩૦ પૈસાનો વધારો

ન્યુ દિલ્હી,

ભારતમાં પાછલા દિવસોથી સતત પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં વધારો થઈ રહ્યો છે. આંતરાષ્ટ્રીય માર્કેટમાં કાચા તેલના ભાવમાં વધારો થતો હોવાથી ભાવ વધી રહ્યાં હોવાનું કહીને સરકાર પોતાના હાથ ઉંચા કરી લે છે પરંતુ તેને વધારેલી એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરી રહી નથી. મોંઘવારીના વિષચક્રમાં કચડાતી વસ્તી પ્રતિદિવસ મોંઘવારીના મોટા ખપ્પરમાં ધકેલાતી જઈ રહી છે.

રાજ્યમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં ફરી વધારો થયો છે, આજે રાજ્યામાં પેટ્રોલના ભાવમાં ૩૪ પૈસાનો તો ડીઝલના ભાવમાં ૩૦ પૈસાનો વધારો કરાયો છે. ભાવ વધારો લાગુ થતા આજે અમદાવાદમાં પેટ્રોલનો ભાવ ૯૫.૭૨ રૂપિયાએ પહોંચ્યો છે તો ડીઝલના ભાવ ૯૬.૦૮ રૂપિયાએ પહોંચ્યો છે.

રાજ્યના મોટા શહેરમાં પણ આ ભાવ વધારો લાગુ જોવા મળી રહ્યો છે. વડોદરા, સુરત, રાજકોટ અને ગાંધીનગરમાં પણ પેટ્રોલ ડીઝલમાં ભાવ વધારો જોવા મળી રહ્યો છે. વડોદરામાં પેટ્રોલનો ભાવ પેટ્રોલનો ભાવ રૂ.૯૫.૬૩ રૂપિયા તો ડીઝલનો ભાવ રૂ.૯૫.૯૯ એ પહોંચ્યો છે.

સુરતમાં પ્રતિ લિટર પેટ્રોલનો ભાવ ૯૬.૧૨ રૂપિયા થયો તો ડીઝલનો ભાવ ૯૫.૬૬ રૂપિયા પ્રતિ લિટર થયો છે. સાથે જ રાજકોટમાં પણ રાજકોટમાં પેટ્રોલનો ભાવ ૯૫.૪૯ રૂપિયા તો ડીઝલનો ભાવ ૯૫.૮૮ રૂપિયાએ પહોંચ્યો છે જયારે ગાંધીનગરમાં પેટ્રોલ ૯૫.૯૨ રૂપિયા મોંઘુ બન્યું છે તો ડીઝલ ૯૬.૨૮ રૂપિયા પ્રતિ લિટર મોંઘુ બન્યું છે.

મહત્વનું છે કે છેલ્લા ઘણા દિવસોથી પેટ્રોલ ડીઝલના ભાવ આકાશને આંબી રહ્યા છે જેની જનતાને મોંઘવારીનો માર સહન કરવો પડી રહ્યો છે. પેટ્રોલ ડીઝલના ભાવ વધારોના કારણે સામાન્ય માણસ હેરાન પરેશાન થઈ રહ્યો છે ત્યારે રોજ બદલાતા ભાવમાં સતત વધારો જોવા મળી રહ્યો છે.

ઈન્ટરનેશનલ માર્કેટમાં કાચા તેલની કિંમતોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. કાચા તેલની કિંમતોની અસર ઘરેલૂ માર્કેટમાં પણ જોવા મળી રહી છે. એક દિવસની સ્થિરતા બાદ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં આજે ફરીથી ક્રમશ: ૨૯ પૈસા અને ૨૪ પૈસા પ્રતિ લિટરનો વધારો થયો છે. આ વધારા બાદ આજે રાજધાનીમાં ૧ લિટર પેટ્રોલની કિંમત ૯૮.૮૧ રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલની કિંમત ૮૯.૯૧ રૂપિયા પ્રતિ લિટર રહેશે.

**કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.**

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**એસ. એચ. શાહ**
**મુ. ફરોડ,**
**તા. ઘોઘંબા**

**કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.**

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**હાલોલ**
**તા.ખ.વે. સંઘ**
**મુ. મોટી રણભેટ,**
**તા. હાલોલ**

### ગુજરાત રાજ્ય વકફ બોર્ડ

**ડૉ.જીવરાજ મહેતા ભવન,**
**બ્લોક નંબર ૮, ગાંધીનગર**

**વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬**
**વિષય ''ગોધરા મુસ્લિમ ઘાંચી સમાજ વકફ પંચ''**

ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી **પટેલ ઉમરફારૂક અબ્દુલરઝઝાક મુ.લીલેસરા, જી.પંચમહાલ** નાઓ એ મજકુર વકફના ઉદ્દેશો પુર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલ્કત વકફ જંગમ/સ્થાવર મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમુનામા દરખાસ્ત કરેલ છે. જે મિલ્કતની વિગત નીચે મુજબ છે.

| જીલ્લો અને તાલુકો | ગામ/મુ.પો./હે. | મિલ્કતનો પ્રકાર | સર્વે નં./મિલ્કત નં. | ચો.મી. |
|---|---|---|---|---|
| તા.ગોધરા જી.પંચમહાલ | મુ.પો. લીલેસરા | પ્લોટ | રેવન્યુસર્વેનં.૫૧/૭/૯, ખાતા નં.૧૪૦૦ ખાનગી પ્લોટ નં.૯. | ૧૨૬-૭૩. |

ઉક્ત જણાવેલ સ્થાવર મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર ની વિચારણા હેઠળ હોઈ આ સબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધાસૂચનો હોય તો તે દિન-૭ માં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરી ને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમયે મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહિ મળે તો ઉક્ત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**(એમ. એચ. ખુમાર)**
**મુખ્ય કારોબારી અધિકારી**
**ગુજરાત રાજ્ય વકફ બોર્ડ,**
**ગાંધીનગર**

### શહેરા નગરપાલિકા
### જાહેર નિવિદા
### ટેન્ડર નોટીસ નં.૦૨ , વર્ષ ૨૦૨૧-૨૨

મુખ્ય અધિકારી, શહેરા નગર પાલિકા, જિ.પંચમહાલ તરફથી શહેરા નગરપાલિકા વિસ્તારમાં નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે (૧) ભુગર્ભ ગટરના નિભાવણીનું કામ. (બીજો પ્રયત્ન) (૨) હેન્ડપંપ રીપેરીંગ કરવાના કામો માટે લેબર કામ તથા માલ-સામાન ખરીદીના વાર્ષિક ભાવો (૩) સ્ટ્રીટ લાઈટના કામે જરૂરી માલ-સામાન ખરીદ કરવા માટે વાર્ષિક ભાવો તથા (૪) આરોગ્ય વિભાગના કામે જંતુનાશક દવા તથા જરૂરી સામાન ખરીદ કરવા માટે વાર્ષિક ભાવો માટે રસ ધરાવતા સરકારની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા કોન્ટ્રાકટરો પાસે થી ઓનલાઈન ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે.

ટેન્ડર તા.૦૯/૦૭/૨૦૨૧, સમય ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ તથા સબમીશન કરી શકાશે. તથા ટેન્ડર ફી, ઈ.એમ.ડી. તથા બીજા ડોકયુમેન્ટ તા.૧૪/૦૭/૨૦૨૧ ૧૬.૦૦ કલાક સુધી નગર સેવા સદન કચેરી કામકાજ સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે. આ ટેન્ડર અંગેની બીજી શરતો અને માહિતી માટે વેબસાઈટ www.nprocure.com પરથી મળી શકશે. ટેન્ડર તા.૧૫/૦૭/૨૦૨૧ બપોરના ૧૪.૦૦ કલાકે ઓપન કરવામાં આવશે. જેમાં ટેન્ડર કર્તાઓએ અત્રેની કચેરીમાં અવશ્ય હાજર રહેવાનું રહેશે.

માહિતી/ગોધરા/૨૭૬/૨૦૨૧

(ચીફ ઓફીસર) નગરપાલિકા શહેરા | (કારોબારી અધ્યક્ષ) નગરપાલિકા શહેરા | (પ્રમુખ) નગરપાલિકા શહેરા

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# ગણવેશથી શોભશે હવે મહીસાગર જિલ્લાની ૧૩૧૬ આંગણવાડીના ભૂલકાઓ

લુણાવાડા,
મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના ગરીબ મદયમ વર્ગીય પરિવારો ના બાળકો- ભૂલકાઓ માટે સંવેદના સ્પર્શી નવતર અભિગમના ભાગરૂપે રાજ્યભરની આંગણવાડીઓના ૧૪ લાખ બાળકોને વિના મૂલ્યે ગણવેશ વિતરણની ગુજરાત રાજ્યએ આગવી પહેલ કરી છે. મુખ્યમંત્રીએ ૩૬ કરોડ ૨૮ લાખના ખર્ચે આકાર પામેલી આ ગણવેશ વિતરણ યોજનાનો ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સ દ્વારા પ્રારંભ કરાવ્યો હતો. મહીલા અને બાળ વિકાસ વિભાગ આઇ.સી.ડી.એસની આ યોજના અંતર્ગત મહીસાગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોરના


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

અદયક્ષ સ્થાને તેમજ ધારાસભ્ય કુબેરભાઇ ડીંડોરની પ્રેરક ઉપસ્થિતિમાં ગણવેશ વિતરણનો ડિજિટલ કાર્યક્રમ જિલ્લા પંચાયત કચેરી મીટીંગ હોલ ખાતે કોવિડ ગાઇડ લાઇનના પાલન સાથે યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર ડો. મનીષકુમાર, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી, આઇ.સી.ડી.એસ વિભાગ વડોદરા ઝોન નાયબ નિયામક નેહા કંથારીયા સહિત મહાનુભાવોનું બાળકોએ સર્જનાત્મક કાર્યની ફોટોફ્રેમથી સ્વાગત કર્યું હતું.

ડિજિટલ માદયમથી મુખ્યમંત્રીના રાજ્ય કક્ષાના કાર્યક્રમ બાદ પ્રતિક રૂપે ૧૦ બાળકોને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે હાઇજીન કીટ અને ગણવેશ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય ડીંડોરે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં આંગણવાડીના ૩ થી ૬ વર્ષના બાળકો માટે યુનિફોર્મ વિતરણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે જિલ્લામાં કુલ ૧૩૧૬ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે. જેમાં ૩ થી ૬ વર્ષના કુમાર ૧૮૭૮૯ અને કન્યા ૧૮૩૪૩ મળી કુલ ૩૭૧૩૨ બાળકોને ગણવેશ વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારના આ ઉત્તમ અભિગમ થકી આંગણવાડીઓના ભૂલકાઓને એક આગવી ઓળખ પ્રાપ્ત થશે. આ સાથે જ ફરી એકવાર પુરવાર થયું છે કે સગર્ભા બહેનો, ધાત્રી માતાઓ, કિશોરીઓ તેમજ નાના બાળકોની રાજ્ય સરકાર દરેક ક્ષેત્રે દરકાર લઈ તેમની સતત ચિંતા કરી રહી છે.

આંગણવાડીમાં ફરજ બજાવતા કાર્યકર બહેનોની ઉત્તમ કામગીરીને બિરદાવતા જિલ્લા કલેક્ટર એ જણાવ્યું હતું કે આંગણવાડીમાં આવતા બાળકોમાં સારા સંસ્કારોનું સિંચન થાય તેમજ બાળકનો સર્વાંગી વિકાસ થાય તે માટે કાર્યકર બહેનો સતત પ્રયત્નશીલ રહે છે. બાળકના આરોગ્યની દેખભાળ, રસીકરણ, રેફરલ સેવા, પોષણ, શિક્ષણ વગેરે બાબતે આ બહેનો બાળક માટે માતા યશોદાની ભૂમિકા ભજવે છે અને તેથી જ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને માતા યશોદાના ખિતાબથી નવાજવામાં આવે છે.

આ પ્રસંગે નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચંદ્રિકાબેન ભાભોર, એસ.કે.પટેલ, સી.ડી.પી.ઓ, સુપરવાઇઝરઓ, આઇ.સી.ડી.એસ. વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ સહિત આંગણવાડીની બહેનો અને લાભાર્થી ભુલકાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મહીસાગર જિલ્લો કોરોના મુક્ત બન્યો : સતત નવમા દિવસે કોરોનાનો એક પણ કેસ નહીં

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર ડો.મનિષકુમાર બંસલ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન સતત નવમા દિવસે એકપણ કેસ ન નોંધાતા મહીસાગર જિલ્લો કોરોનામુક્ત બન્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૯-૦૬-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૭૪૯૧ કેસ પોઝીટીવ નોધાયા છે.

હાલ જિલ્લામાં એકપણ દર્દી સારવાર હેઠળ નથી. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૪૧૮ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/કોરોનાના કુલ ૨૮૭૨૬૮ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. જયારે ૨૦૭ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગરવાસીઓએ જેમ સતત છેલ્લા નવ દિવસથી કોરોના સંક્રમણને વધતું અટકાવીને જિલ્લાને કોરોનામુકત બનાવવામાં જિલ્લા વહીવટીતંત્રને સહયોગ આપ્યો છે. તેવો જ સહયોગ આગામી સમયમાં આપી જિલ્લો કોરોનામુકત રહે અને હવે જિલ્લો વેકિસનયુકત બને તે જોવા અપીલ કરવામાં આવી છે.

# સંતરામપુરમાં દિવસભર વીજ પુરવઠો બંધ રહેતા બેંકો અને સરકારી કચેરીઓમાં કામગીરી ઠપ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરમાં આજે સવારથી જ મદય ગુજરાત વીજ કંપની દ્વારા દિવસભર વીજ પુરવઠો બંધ રાખવામાં આવેલો હતો. જેના કારણે આજે સંતરામપુર બેંક ઓફ બરોડા, સ્ટેટ બેંક, બરોડા ગુજરાત ગ્રામીણ, એલ.આઇ.સી અન્ય સરકારી કચેરીઓ મામલતદાર કચેરીમાં જનસેવા કેન્દ્ર વીજ પુરવઠો બંધ હોવાના કારણે આજે તમામ કામગીરી ઠપ થઈ ગઈ હતી. જેના કારણે બેન્કોમાં સરકારી કચેરીઓમાં આવતા લોકોને દિવસભર બેસી રહેવું પડ્યું અને કામગીરી થઇ ન હતી. સંતરામપુર દરેક બેંકોમાં સંખ્યાબંધ કામગીરી અટવાઈ ગઈ હતી. એક બાજુ વીજપુરવઠો પણ જ્યારે બીજી બાજુ સતત દિવસભર ગરમીનું પ્રવાહ વધારે જોવા મળ્યું હતું. ગરમીમાં લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. આજે વીજ પુરવઠો બંધ હોવાના કારણે વેપારીઓને સ્થાનિક રહીશોને દિવસભર મુશ્કેલી વેઠવી પડી હતી.

# કોરોના કાળમાં નિરાધાર થયેલા બાળકો માટેની મુખ્યમંત્રી બાલ સેવા યોજના અંતર્ગત મહીસાગર જિલ્લામાં ૦૯ બાળકોને લાભ મળશે

લુણાવાડા,
મુખ્યસ મંત્રી વિજયભાઇ રૂપાણીએ વિશ્વવ્યા્પી મહામારી કોરોના સમયમાં અનાથ-નિરાધાર બનેલા બાળકોની વેદના પ્રત્યે સંવેદના દર્શાવી આવા બાળકોને આર્થિક આધાર સહિત અભ્યશ અને ભવિષ્યએની કારકિર્દી માટે સહાયરૂપ થઇ શકાય તે માટે મુખ્ય- મંત્રી બાલ સેવા યોજનાની જાહેરાત કરી હતી.

આ યોજના અંતર્ગત કોરોનાની મહામારી દરમિયાન અનેક લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. કોઇ એ પોતાના વ્હોલ સોયા દિકરા- દિકરીઓ ગુમાવ્યા છે તો કોઇ એ ભાઇ-બહેન-પત્નિમનો સાથ ખોયો છે. અને રાજયમાં કેટલાંય બાળકો આ કોરોના સમય દરમિયાન પોતાના માતા-પિતા બંને ગુમાવવાને કારણે અનાથ અને નિરાધાર બન્યાત છે.

આ સંદર્ભમાં ગુજરાતની સંવેદનશીલ સરકારએ કોરોનાના આ કપરાકાળમાં આવા નિરાધાર અને માતા-પિતા ગુમાવી ચૂકેલા બાળકોને મુખ્યર મંત્રી બાલ સેવા યોજનાનો લાભ મળે તે હેતુસર મહીસાગર- લુણાવાડાના જિલ્લા કલેકટર ડો. મનિષકુમારના સીધા માર્ગદર્શન હેઠળ મહીસાગર જિલ્લા બાળ સુરક્ષા અધિકારી નિરવ આર પંડ્યા અને તેમની ટીમ દ્વારા આવા બાળકોને શોધવાની અને તેમને તમામ પ્રકારની જરૂરી મદદ પુરી પાડવાની કામગીરી સોંપવામાં આવી હતી. જે અંતર્ગત જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા સમગ્ર જિલ્લામાં સર્વેની કામગીરી વિવિધ માદયમ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

આ સર્વેની કામગીરી દરમિયાન મહીસાગર જિલ્લીમાં અત્યાંર સુધીમાં કુલ ૧૦ પરિવારોના ૧૦ બાળકો અનાથ થયા હોવાનું જણાઇ આવ્યું હતું. આ પ્રાપ્ત થયેલ વિગતોને આધારે આ બાળકોને સહાય મળે તે માટે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી સુ રેણુકાબેન મેડાના અદયક્ષસ્થાને સ્પોન્સરશીપ એન્ડ ફોસ્ટર કેર અપ્રુવલ કમિટીમાં રજૂ કરવામાં આવી હતી. આ કમિટીએ આ જરૂરી આધારા-પુરાવાઓ ચકાસીને આ બાળકોની સહાય તાજેતરમાં મળેલ બેઠકમાં મંજુર કરી હતી. આ બેઠકમાં ભભ મહીસાગર જિલ્લા બાળ કલ્યાણ સમિતિના ચેરમેન મહેન્દ્રભાઈ પટેલ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી નિરવભાઈ આર પંડ્યા, સુરક્ષા અધિકારી હિતેષભાઇ પારગી અને અધિક્ષક અમિતાબેન પટેલ હાજર રહ્યા હતા.

આમ, આ બેઠકમાં આ કોરોના કાળમાં માતા-પિતા ગુમાવનાર અને અનાથ બનનાર ૦૯ બાળકોને હવે મુખ્યષ મંત્રી બાલ સેવા યોજનાનો લાભ મળતો થશે. આ અંગેની વિગતો આપતાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ જણાવ્યું કે, આ બાળકોને દર મહિને રૂા. ૪૦૦૦/-ની માસિક સહાય તેઓ ૧૮ વર્ષ પૂર્ણ કરે ત્યાં સુધી આપવામાં આવશે અને ત્યાઈરબાદ તેઓનો અભ્યાખસ ચાલુ હશે તો નિયમ મુજબ કાર્યવાહી કરી આ યોજના હેઠળનો લાભ ૧૮ વર્ષ બાદ આફટર કેર યોજના હેઠળ આપવામાં આવશે તેમ જિલ્લા બાળ સુરક્ષા અધિકારી નિરવ પંડયાએ એક યાદી દ્વારા જણાવ્યું છે.

# બાલાસિનોર ખાતે આધ્યાત્મિક વન ઊભુ કરવા વૃક્ષારોપણ કરાયુ

બાલાસીનોર,
અત્યારે જોઈએ તો વૃક્ષ ઉછેરવાને બદલે વૃક્ષોનું નિકંદન થઈ રહ્યું છે. ત્યારે પ્રકૃતિ પરાસ્ત થઈ રહી છે. ત્યારે બાલાસિનોર રામેશ્વર હનુમાન મંદિર ખાતે આધ્યાત્મિક વન ઊભું કરવા વડ પીપળો, આબો, ચંદન, તુલસી જેવા વૃક્ષો ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ કિસાન મોરચાના પ્રમુખ હિતેશભાઈ પટેલ, જિલ્લા પ્રમુખ દશરથભાઈ બારીઆ, જીલ્લા કિસાન મોરચાના પ્રમુખ દિનેશભાઈ, મહામંત્રી કાળુભાઈ માછી તથા તાલુકા પ્રમુખ- જિલ્લા પ્રમુખ દ્વારા



વૃક્ષારોપણનું અનોખું આયોજન કરાયું હતું.

# ઘોઘંબાના ખરોડ મુકામે બાઈકની ઓવર ટ્રેક કરવા જતાં અકસ્માત : ૨ વ્યકિત ને ઈજા


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના ખરોડ ગામે આજ રોજ બપોરે ૨:૩૦ વાગ્યે કાટું ઘોઘંબા મુખ્ય રસ્તા પર કાટું બાજુ થી બંને બાઈક સવાર આવતાં ખરોડ આશ્રમ પાસે એક પીધેલ બાઈક સવાર ફૂલ ઝડપે અચાનક પાછળ થી ઓવર ટ્રેક કરવા જતાં આગળ વાળી બાઇક ને ટક્કર વાગતાં બંને બાઈક ચાલકો રસ્તા પર ઘસડાઈ ને પડતાં અકસ્માત સર્જાયો હતો. આજુ બાજુના સ્થાનિક લોકો દોડી આવતા પીધેલી હાલત વાળો બાઈક સવાર ફરાર થઈ ગયો હતો. તો બીજી બાઈક ચાલક જસવંત ભાઈ બારીયાને માથાંના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. તેની પાછળ બેઠલ હસમુખભાઈને સામાન્ય નાની મોટી ઈજાઓ થવા પામી હતી. સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ દ્વારા ઘોઘંબાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સાથે સ્થાનિકો પાસે થી મળતી વિગતો અનુસાર ઈજા પામેલ બાઈક ચાલક બંને ઝોઝ ગામનાં વતની હોવાનું જાણવા મળ્યું હતું.

# ગોધરા છબનપુર ગામે એસટી બસ થી બે ભેંસોની ઈજાઓ થતાં ફરિયાદ

ગોધરા,
ગોધરા લુણાવાડા હાઈવે પર આવેલા છબનપુર ગામે એક સરકારી એસ.ટી બસના ચાલકે પસાર થતી બે ભેંસો ને અડફેટે લેતા ભેંસો ને ઇજા કરી પશુપાલકને નુકશાન પહોંચાડી ગુન્હો કર્યો હતો.

ગોધરા લુણાવાડા હાઈવે પર આવેલા છબનપુર ગામના જગદીશભાઈ ગઢવીએ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, તેઓ પોતે પશુપાલક હોઈ તેઓની માલિકીની ૨૦ જેટલી ભેંસો લઈ રસ્તો ક્રોસ કરી રહ્યા હતા. ત્યારે આ માર્ગ પરથી પસાર થતી સરકારી એસ.ટી. બસ (જી.જે.૧૮,ઝેડ.૬૭૪૭)ના ચાલક દ્વારા પોતાના કબ્જાની એસ.ટી.બસ બેફિકરાઈ અને ગફલતભરી રીતે હંકારી લાવી બે ભેંસોને ગંભીર ઈજા કરી હતી. જેથી પોલીસ આ મામલે એસ.ટી.બસ ચાલક સામે કાયદેસરની કાર્યવાહી કરે તેવી ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે ફરિયાદ નોંધી બસ ચાલક વિરૂદ્ધ વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૩૦-૦૬-૨૦૨૧, બુધવાર, જેઠ વદ-૬, સૂર્યોદય-૫-૨૬, સૂર્યાસ્ત-૭-૨૨, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કુંભ (ગ.શ.સ.), નક્ષત્રઃ પૂર્વભાદ્રપદ

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

# દૈનિક રાશીફળ

તા.૩૦.૦૬.૨૦૨૧ બુધવાર

મેષ (અ.લ.ઈ.):- આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.

વૃષભ(બ.વ.ઉ.):- તમે તમારા હકારાત્મક અભિગમ તથા આત્મવિશ્વાસ દ્વારા તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરો એવી શક્યતા છે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે.

મિથુન(ક.છ.ઘ.):- તમારૂં સ્મિત હતાશા સામે સંકટ-મોચક જેવું કામ કરશે. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. તમારા પ્રિયપાત્રના કઠોર શબ્દોને કારણે તમારો મૂડ કદાચ વ્યગ્ર થઈ શકે છે.

કર્ક(ડ.હ.):- વધારે પડતો પ્રવાસ તમને ઝનૂન પર લાવી મુકશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. પરિવારની જરૂરિયાતો તરફ દુર્લક્ષ કરશો કેમ કે કામના સ્થળે તમે વધુ પડતું શ્રમ લઈ રહ્યા છો. કોઈ ત્રીજી વ્યક્તિની દખલ તમારા અને તમારા પ્રિયપાત્ર વચ્ચે ઘર્ષણ પેદા કરશે.

સિંહ(મ.ટ.):- વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો। સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે.

કન્યા(પ.ઠ.ણ.):- તમારા શરીરને રિચાર્જ કરવા માટે તમારે સંપૂર્ણ આરામ લેવો જઈએ અન્યથા થાક તમારામાં નિરાશવાદ પેદા કરી શકે છે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો.

તુલા(ર.ત.):- તમારું ઝડપી પગલું તમને પ્રેરિત કરશે. સફળતા મેળવવા માટે- સમય સાથે તમારા વિચારો બદલો. આ બાબત તમારા દષ્ટિકોણને વ્યાપક બનાવશે- તમારા વ્યકતિત્વને સુધારશે તથા તમારા મગજને સમૃદ્ધ બનાવશે. વગર સૂચના કોઈ દેણદાર આજે તમારા એકાઉન્ટ માં પૈસા નાખી શકે છે જેના લીધે તમે આશ્ચર્યચકિત અને ખુશ થયી શકો છો.

વૃશ્ચિક(ન.ય.):- કોઈક સંતપુરુષનાં આશિષતમને માનસિક શાંતિ આપશે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે.

ધન(ભ.ધ.ફ.ઢ.):- તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો-તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે.

મકર(ખ.જ.):- તાણથી મુક્ત થવા માટે તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. બાળકોમાં રહેલી ઈલાજની શક્તિની અનુભૂતિ તમને થશે. કેમ કે તેઓ આ પૃથ્વી પરના સૌથી આધ્યાત્મિક અને સંવેદનશીલ વ્યક્તિઓમાં છે. તમને જાતે જ લાગશે કે તમારામાં શક્તિનો સંચાર થયો છે.

કુંભ(ગ.શ.સ.):- તમે નવરાશની લહેજત માણવાના છો. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો। એકબીજાના દષ્ટિકોણ સમજીને તમારી વ્યક્તિગત સમસ્યાઓને ઉકેલો.તેમને જાહેરમાં ન લાવો અન્યથા તમારી પ્રતિષ્ઠાને હાનિ થવાની શક્યતાઓ વધુ છે.

મીન(દ.ચ.ઝ.):- સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે.

# બાંધકામ શ્રમયોગીના કલ્યાણ અને ઉત્કર્ષ માટે શ્રમિક અન્નપુર્ણા યોજના

ગોધરા,
ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની રચના ધી બિલ્ડિંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એક્ટ, ૧૯૯૬ની કલમ ૧૮ હેઠળ કરવામાં આવી છે તથા રાજ્યમાં બાંધકામ શ્રમયોગીઓની કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકવા બોર્ડની રચના કરવામાં આવી છે. જેમાં બાંધકામ શ્રમયોગીઓને વિવિધ યોજનાઓ અંતર્ગત લાભ મેળવવા માટે, ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં નોંધણી કરાવવી જરૂરી છે.

રાજયમાં બાંધકામ શ્રમયોગીના કલ્યાણ અને ઉત્કર્ષ માટે કાર્યરત ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા શ્રમિક અન્નપુર્ણા યોજના, શિક્ષણ સહાય યોજના, પ્રસુતિ સહાય યોજના, શ્રમિક પરિવહન યોજના, ધન્વન્તરી આરોગ્ય રથ યોજના વગેરે અમલમાં મુકવામાં આવી છે. આ યોજનાઓનો લાભ લેવા માટે બાંધકામ વ્યવસાયમાં જોડાયેલા શ્રમિકો દ્વારા બાંધકામ શ્રમિક તરીકે નોંધણી કરાવવી આવશ્યક છે.

નોંધણીની પ્રક્રિયાને સરળ બનાવવા અને તેની સુલભતા વધારવા તેમજ ગુજરાત રાજ્યમાં મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી જાતે નોંધણી કરી શકે તે માટે ઇ-નિર્માણ પોર્ટલ https:// enirmanbocw.gujarat.gov.in અને ગુગલ પ્લે સ્ટોર પરના ઇ-નિર્માણ એપ દ્વારા બોર્ડમાં જાતે જ નોંધણી કરી શકે છે. આ ઉપરાંત જીલ્લાના કોઈપણ કોમન સર્વિસ સેન્ટર પર જઈને નોંધણી કરાવી શકે છે. બાંધકામ શ્રમયોગીની નોંધણી માટેની ૧૮ થી ૬૦ વર્ષની વય માર્યાદા, છેલ્લા ૧૨ મહિનામાં ૯૦ દિવસથી ઓછુ ન હોય તેટલા સમય માટે મકાન અને અન્ય બાંધકામ ક્ષેત્રે કાર્યરત હોવાના પુરાવા સાથે આધાર કાર્ડ અને અન્ય જરૂરી દસ્તાવેજોમાં રેશન કાર્ડ અને બેંકની વિગતો સાથે બોર્ડમાં નોંધણી કરાવી શકે છે.

વધુમાં જે બાંધકામ શ્રમિક તરીકે પહેલાથી બોર્ડમાં નોધાયેલ હોય તેવા નોંધાયેલા બાંધકામ શ્રમિકોની વિગતો જેમ કે આધાર કાર્ડ, રેશન કાર્ડ, બેંક ખાતાની માહિતી તથા મોબાઈલ નંબર અધુરી તથા ખુટતી હોવાથી જે-તે જિલ્લાના નજીકના ઈજીઈ સેન્ટર પર જઈ તથા ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની કચેરી ખાતે જઈ તમામ ડોક્યુમેન્ટ વેરીફાઈ કરાવીને બાંધકામ શ્રમિક તરીકેનું સ્માર્ટકાર્ડ મેળવી લેવા જિલ્લા નિરિક્ષક, શ્રમયોગી કલ્યાણ બોર્ડની અખબારી યાદીમાં જણાવાયુ છે.

# કાલોલ તાલુકાના ડેરોલ સ્ટેશન ખાતે રસીકરણ કેમ્પ યોજાયો


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
પ્રધાન મંત્રી નરેન્દ્રભાઈ મોદીએ છેવાડાના નાગરિકના આરોગ્યની ચિંતા કરી મફત કોરોના રસી મુકવાનું આયોજન કરેલ છે. ત્યારે આજરોજ કાલોલ તાલુકાના ડેરોલ સ્ટેશન માર્કેટિંગયાર્ડમાં કોરોના રસીકરણ માટે કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કાલોલ તાલુકા પંચાયતના કારોબારી અદયક્ષ ડો. કિરણસિંહ પરમાર, ભારતીય જનતા પાર્ટીના પંચમહાલ જિલ્લા ઉપાધ્યક્ષ ડો. યોગેશ પંડ્યા, નરેન્દ્ર મોદી વિચાર મંચના ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ રાજેન્દ્ર ભાઈ જોષી તથા નરેન્દ્ર મોદી વિચાર મંચના પંચમહાલ જિલ્લા મહામંત્રી રમેશભાઈ તલાટી વગેરે હાજર રહી લોકોને રસી મૂકવા માટે પ્રોત્સાહન પુરૂં પાડ્યું હતું. તથા આરોગ્ય તંત્રને સહયોગ આપ્યો હતો. ગામના અગ્રણીઓએ કેમ્પમાં હાજર રહી સેવાઓ આપી હતી. કોરોના રસીકરણ માટે જાગૃતતા દાખવી અદ્ભૂત ઉત્સાહ સાથે ૨૭૯ જેટલા લોકોએ રસી મુકાવી રસીકરણ અભિયાન તથા કેમ્પને સફળ બનાવ્યો હતો.

# પર પ્રાંતીય મહિલાને આશ્રય અપાવતી અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈન દાહોદ

દાહોદ,
ગત રોજ રેલવે સ્ટેશન દાહોદ થી એક વ્યક્તિનો કોલ આવેલ કે એક મહિલા કેટલાક દિવસ થી અહીં બેસી રહે છે પૂછતાં કોઈ જવાબ આપતાં નથી. જેથી તેને મદદ માટે અનુરોધ કરતા અભયમ રેસ્ક્યુ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી મહિલા સાથે કાઉન્સિલિંગ કરતા જાણવા મળેલ કે આસામ બાજુના છે. જેઓને આશ્રયની જ રૂર હોવાથી ઓ.એસ.સી દાહોદમાં આશ્રય અપાવવામાં આવેલ છે. મહિલા સાથે કાઉન્સેલિંગ કરતા વધુ માહિતી મળી નથી એવું લાગી રહ્યું હતું કે, તેઓ અજાણ્યા સ્થળમાં આવી જતા ખુબ ગભરાઈ ગયેલ છે અને વારંવાર મેં કહા આ ગઇ એવું જ બોલતા હતા. અભયમ ટીમે તેમને આશ્વાસન આપી જાણ્યું હતું કે, તેઓ આસામ બાજુના છે અને પરિવાર સાથે ગુજરાતના કોઈ શહેરમાં રોજગારી માટે આવ્યા હશે તેઓ



પરિવાર થી વિખુટા પડેલ હોય તેમ જણાઈ રહ્યું છે. તેઓને રહેવા માટે ઓ.એસ.સીમાં આશ્રય અપાવવામાં આવેલ છે. આ સાથેના ફોટાવાળા મહિલાઓની કોઈ ને જાણકારી મળે તો અભયમ ટીમ દાહોદ અથવા ઓ.એસ.સી દાહોદનો સંપર્ક કરવા વિનંતી છે. જેથી તેઓના પરિવાર સુધી પહોંચાડી શકાય.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા રેલ્વે સ્ટેશન ઉપર પશ્ચિમ એકસપ્રેસ ટ્રેન માંથી

# ૧.૧૨ કરોડ રૂપીયા ઉપરાંતની રકમ સાથે હરીયાણાના ઈસમને રેલ્વે પોલીસે ઝડપ્યો



ગોધરા,
ગોધરા શહેરના રેલ્વે મથક ખાતે પશ્ચિમ એકસપ્રેસ ટ્રેનમાં ગોધરા રેલ્વે પોલીસ દ્વારા હરીયાણાના એક ઈસમને બે ટ્રાવેલીંગ બેગો સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. બેગોની તપાસ કરતાં રોકડા તેમજ સોના–ચાંદીના દાગીના મળી ૧,૧૨,૨૦,૭૫૦ કરોડ રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. પકડાયેલ ઈસમની અટકાયત કરી રોકડ તથા સોના–ચાંદીના દાગીના કયાંથી, કોનો છે તેમજ કયાં લઈ જતો હતો. તેની તપાસ રેલ્વે પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે.

વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા શહેર રેલ્વે સ્ટેશનમાં રેલ્વે પોલીસ દ્વારા સોમવારના રોજ પશ્ચિમ એકસપ્રેસ ટ્રેનમાં ચેકીંગ કરવામાં આવ્યું હતું. દરમ્યાન ટ્રેન માંથી પિયુષભાઈ વિષ્ણુભાઈ ગર્ગ, હરીયાણા રાજયના પંચઝોલા સેકટર/૨૧ ને બે ટ્રાવેલીંગ બેગો સાથે ઘરપકડ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા હરીયાણા રાજયના ઈસમ પાસેથી પકડાયેલ બે ટ્રાવેલીંગ બેગોની તપાસ કરવામાં આવી હતી. તપાસમાં ૭૭,૭૯,૯૦૦/–લાખ રૂપીયા રોકડા તેમજ સોના–ચાંદીના દાગીના કિંમત ૩૪,૪૦,૮૫૦/–લાખ રૂપીયા મળી ૧,૧૨,૨૦,૭૫૦/– (એક કરોડ બાર લાખ વીસ હજાર સાત સો પચાર ) રૂપીયાના મુદ્દામાલ ગોધરા રેલ્વે પોલીસના પી.એસ.આઈ. આઈ.ઓ.સીટી તેમજ પોલીસ સ્ટાફ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હતો. ગોધરા રેલ્વે પોલીસ દ્વારા પશ્ચિમ એકસપ્રેસ ટ્રેનમાં હરીયાણા રાજયના ઈસમને ૧ કરોડ ઉપરાંતના મુદ્દામાલ સાથે ઝડપાઈ જતાં રેલ્વે પોલીસ પણ અચરજમાં મુકાઈ હતી. રેલ્વે પોલીસ દ્વારા ઘરપકડ કરવામાં આવેલ પીયુષભાઈ ગર્ગની પુછપરછ હાથ ધરી છે. આટલી મોટી રકમ કયાંથી કોની છે અને કોને આપવાની હતી. તે દિશામાં હાથ ધરી છે. હાલ રેલ્વે પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

- રેલ્વે પોલીસે બે ટ્રાવેલીંગ બેગમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ ઝડપી.
- રેલ્વે પોલીસ દ્વારા ઘરપકડ કરાયેલ ઈસમ આટલી મોટી રકમ કયાં અને કોને પહોંચાડવાની હતી તે દિશામાં તપાસ હાથ ધરી.

# શહેરા તાલુકાના સગરાડા સહિતના ગ્રામીણ વિસ્તારમાં આવેલ જમીનમાં મોટા પ્રમાણમાં સફેદ પથ્થરોનું ગેરકાયદેસર ખનન


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા તાલુકાના સગરાડા સહિતના ગ્રામીણ વિસ્તારમાં આવેલ જમીનમાં મોટા પ્રમાણમાં સફેદ પથ્થરો આવેલ છે. રોયલ્ટી પાસ વગર અમુક ટ્રકોમાં સફેદ પથ્થરો ઓવર લોડ ભરીને બેરોકટોક હેરાફેરી થઈ રહી છે. તાલુકામાં ખનીજ ચોરી વધતા સરકારી તિજોરીને મસ મોટું નુકશાન જઈ રહયુ હોવા છતાં ખાણ ખનીજ વિભાગ સહિતનું અન્ય તંત્ર આ સામે કાર્યવાહી કરવામાં ખચકાઈ રહયુ છે.

શહેરા તાલુકા સગરાડા, છોગાળા, શેખપુર સહિતના વિસ્તારમાં આવેલી જમીનમાં મોટા પ્રમાણમાં સફેદ ચમકતા પથ્થરો આવેલ છે. ખનિજ ચોરો હાલ તાલુકા માંથી લીજ ન હોવા છતા ખનિજ ચોરી કરતા ગભરાતા નથી. સગરાડા સહિતના વિસ્તારમાં લીજ ન હોવા છતા પાછલા કેટલાક સમય થી બેરોકટોક સફેદ પથ્થરો કાઢવામાં આવી રહયા છે. ખાણ ખનીજના નિયમોને બાજુમાં મૂકીને રોયલ્ટી પાસ વગર તેમજ ઓવર લોડ સફેદ પથ્થરો ભરીને અમુક ટ્રકો મામલતદાર કચેરી તેમજ ફોરેસ્ટ વિભાગની કચેરી પાસેથી પસાર થતી હોવા છતાં આ સામે કાર્યવાહી કરવામાં આવી રહી નથી. જયારે ખનિજ ભરેલ ટ્રકો દિવસ એ ઓછી અને રાત્રિ દરમિયાન તો વધુ પસાર થતી હોય છે. ઓવરલોડ ખનીજ ભરેલ હોવા સાથે નિયમોનું પાલન નહી થઈ રહયુ હોવા છતાં આ સામે કાર્યવાહી કરવામાં સ્થાનિક તંત્ર જાણે કોઈના આદેશની રાહ દેખતા હોઈ એટલા માટે કાર્યવાહી કરતા નથી કે પછી કોઈ અન્ય કારણોસર ખનિજ ચોરી થતી અટકાવા માટે કાર્યવાહી કરતા ખચકાઇ રહયા છે કે શું ? ખનિજ ચોરી કરતા ખનિજ ચોરો સામે ખાણ ખનીજ વિભાગ સહિત સ્થાનિક તંત્ર આ સામે કોઈ જ કાર્યવાહી નહી કરતા ખનીજ ચોરોને ઘી કેળા થઇ ગયા છે, જયારે બીજી તરફ સરકારી તિજોરીને મહિને મસમોટુ નુકશાન જઈ રહયું છે. તાલુકામાં બેરોકટોક થતી ખનિજ ચોરી અટકાવવા માટે ખાણ ખનીજ વિભાગ સહિત સ્થાનિક તંત્ર પોતાની નૈતિક ફરજ નિભાવે તો સરકારી તિજોરીને લાખો રૂપિયાનું થતું મસમોટુ નુકશાન અટકી શકે તેમ છે.

- ખનીજ ચોરી વધતા સરકારી તિજોરી ને મસ મોટુ નુકશાન.
- ખાણ ખનીજ વિભાગ સહિતનું અન્ય તંત્ર કાર્યવાહી કરવામાં ખચકાઈ રહયુ.
- ખનીજના નિયમોને બાજુમાં મૂકીને રોયલ્ટી પાસ વગર તેમજ ઓવર લોડ સફેદ પથ્થરો ભરીને અમુક ટ્રકો મામલતદાર કચેરી તેમજ ફોરેસ્ટ વિભાગની કચેરી પાસેથી પસાર થતી હોય.

શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારો માંથી સફેદ પથ્થરો જમીન માંથી કાઢીને ટ્રકોમાં ખનીજ વિભાગના નિયમોનું પાલન નહી કરીને હેરા ફેરી થઈ રહી છે. સફેદ પથ્થરો ભરીને જતી ટ્રકોના ચાલક પાસે લાયસન્સ તેમજ વાહનનો વીમો છે કે નહી તે તપાસ પોલીસ અને આર.ટી.ઓ દ્વારા કરવામાં આવવી જોઈએ તે જરૂરી છે.

# ગોધરા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખના અધ્યક્ષસ્થાને આંગણવાડીના બાળકોને યુનિફોર્મ વિતરણ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા,
મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ગાંધીનગરથી રાજયની આંગણવાડીઓના ૧૪ લાખ બાળકોને ગણવેશ વિતરણના કાર્યક્રમનો ઓનલાઇન શુભારંભ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત પંચમહાલ જિલ્લા કક્ષાનો કાર્યક્રમ જિલ્લા પંચાયત પ્રમુખ કુ. કામિનીબેન સોલંકીની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી સભાખંડ, ગોધરા ખાતે યોજાયો હતો. કાર્યક્રમને સંબોધતા જિલ્લા પંચાયત પ્રમુખએ જણાવ્યું હતું કે, રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ આંગણવાડીના બાળકોને ગણવેશ વિતરણની આ પહેલથી જિલ્લાની ૨૦૦૦ જેટલી આંગણવાડીઓના ૫૧,૭૪૩ બાળકો હવે ખાનગી નર્સરી સ્કૂલ્સ, પ્રિ–સ્કૂલ્સના બાળકોની જેમ ગણવેશમાં શોભશે. યુનિફોર્મ બાળકોમાં એકરૂપતા લાવવામાં, સમાનતાનો ભાવ વિકસાવવામાં, એક ઓળખ ઉભી કરાવવામાં તેમજ આત્મવિશ્વાસની વૃદ્ધિ કરવામાં સહાયરૂપ બનશે તેમ જણાવતા પ્રમુખએ આ પહેલ બાળકોના વિકાસમાં અત્યંત મદદરૂપ સાબિત થશે તેમ ઉમેર્યું હતું. ખાનગી નર્સરી અને પ્રિ–સ્કૂલ્સના બાળકો સામે આંગણવાડીના બાળકોને બરાબરની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના નિશ્ચયના ભાગરૂપે બાળકોને યુનિફોર્મ વિતરણ અભિયાનની આ પહેલ હાથ ધરવામાં આવી છે તેમ પ્રમુખએ જણાવ્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત મોરવા હડફના ધારાસભ્ય સુ નિમિષાબેન સુથારે જણાવ્યું હતું કે, બાળકોના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારે આંગણવાડીઓમાં પોષણયુકત આહાર, આરોગ્ય તપાસણી સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે. આંગણવાડીના બાળકોને ઉત્તમ ગુણવત્તાના ગણવેશના વિતરણના આ કાર્યક્રમને આ જ દિશામાં કરાયેલ વધુ એક પ્રશંસનીય પહેલ ગણાવતા આઈસીડીએસની યોજનાઓનો લાભ જિલ્લાના દરેક ખૂણાના બાળકો સુધી પહોંચે અને બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે સુનિશ્ચિત કરવાની સૌની સહિયારી જવાબદારી હોવાનું તેમણે જણાવ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, આંગણવાડીની કાર્યકર બહેનો આ બાળકોમાં સારા સંસ્કારોના સિંચન સાથે તેમનો સર્વાંગી વિકાસ થાય તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. આ આગવી પહેલના લીધે આ ભૂલકાઓનો આંગણવાડીમાં જવાનો ઉત્સાહ વધશે તેમ અર્જુનસિંહ રાઠોડે જણાવ્યું હતું.

કાર્યક્રમમાં બાળકોને ગણવેશની સાથે માસ્ક, સેનેટાઈઝર ધરાવતી એક હાઈજિન કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં બાળકો દ્વારા બનાવેલ પેઈન્ટિંગ સહિતની કૃતિઓથી ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નિવાસી અધિક કલેક્ટર એલ.બી.બાંભણિયા, ડેપ્યુટી ડીડીઓ સી.ડી. રાઠવા, ડેપ્યુટી ડીડીઓ અને ખેતીવાડી અધિકારી જે.ડી.ચારેલ, આઈસીડીએસ પ્રોગ્રામ ઓફિસર સહિતના વરિષ્ઠ અધિકારીઓ, આંગણવાડી કાર્યકર્તાઓ તેમજ બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

# જાંબુઘોડા પોલીસ મથકે વ્યક્તિ સામે નહીં પણ ભૂત સામે અરજી આપતાં આશ્ચર્ય !!



જાંબુઘોડા,
પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકાના જોટવડ ગામના અરજદાર વરસંગ ભાઈ બારીયા એ જાંબુઘોડા પોલીસ મથકમાં લેખિત અરજી આપી જણાવ્યું છે કે, ખેતરમાં કામ કરતી વખતે ભૂતોની ટોળકી આવી હતી અને આ ટોળકી પૈકીના ૨ ભૂતો દ્વારા તેમને મારી નાખવાની ધમકી આપી હતી. જાંબુઘોડા પોલીસ દ્વારા સમગ્ર મામલે અરજદાર દ્વારા આપેલી અરજી ઈનવર્ડ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા અરજી મળ્યા બાદ તપાસ કરવામાં આવતા અરજદાર વરસંગ બારીયા માનસિક બીમારીથી પીડાતો હોવાનું સામે આવ્યું હતું. જાંબુઘોડા પોલીસ મથકમાં અરજદારએ ભૂતો દ્વારા મારી નાખવાની ધમકી મળ્યા હોવાની અરજી આપવામાં આવી હોવાની વાત જાણીને સૌ કોઈને આશ્ચર્ય થવા પામ્યું હતું. સમગ્ર મામલે પોલીસ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, પોલીસ મથકે કોઈપણ અરજદાર દ્વારા આપવામાં આવતી અરજીને સ્વીકારી અને તેની તપાસ કરવી તે ફરજ બનતી હોય છે. જેને લઈને અરજી સ્વીકારવામાં આવી હતી અને તે બાબતે તપાસ કરવામાં આવતા અરજદાર માનસિક બીમાર હોઈ તેને માનસિક રોગના તબીબની જરૂરિયાત હોઈ તે અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ભૂતો દ્વારા પોતાને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાની અરજી પોલીસ મથકે આપનાર અરજદાર છેલ્લા ૧ વર્ષ ઉપરાંતના સમયથી માનસિક રોગથી પીડાતા હોવાનું તેમના પરિજનો જણાવી રહ્યા છે તેમજ તે રોગ અંગેની સારવાર પણ હાલ ચાલી રહી હોવાનું જણાવી રહ્યા છે. જોકે પોલીસ મથકે આપવામાં આવેલી અરજી પરિજનોની જાણ બહાર જ આપવામાં આવી જોવાનું પણ પરિજનો જણાવી રહ્યા છે. પોલીસ દ્વારા સમગ્ર મામલે માનવતા દાખવીને અરજદારને યોગ્ય સારવાર મળી રહે તે અંગે માનસિક રોગના નિષ્ણાંત સાથે સંપર્ક કરી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે.

# ઘોઘંબાના શેરપુરા ગામે બે બાઈકો વચ્ચે અકસ્માતમાં એક વ્યકિતનું મોત

ગોધરા,
દામાવાવ પોલીસ મથકની હદમાં આવેલા શેરપુરા ગામ પાસે બે મોટરસાયકલ સામસામે ભટકાતા જોડકાં રામપુર, તા.ગોધરાના મોટરસાયકલ સવારનું ગંભીર ઈજા પહોંચતા સ્થળ પર જ કરૂણ મોત નીપજ્યું હતું. દામાવાવ પોલીસ મથકની હદમાં આવેલા શેરપુરા ગામે બે મોટરસાયકલ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં જી.જે.૨૦.એબી.૫૦૭૪ ના ચાલકે ગોધરા તાલુકાના જોડકાં રામપુરના રહેવાસી દશરથભાઈ રાજુભાઈ ચૌહાણની મોટરસાયકલને અડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો. જેમાં દશરથભાઈ ચૌહાણને ગંભીર ઈજાઓ પહોંચતા સ્થળ ઉપર જ કરૂણ મોત નિપજવા પામ્યું હતું. જેથી મરણ પામનારના સ્વજને દામાવાવ પોલીસ મથકે મોટરસાયકલ સવાર સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# કાલોલ તાલુકામાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની તાલુકા કારોબારી યોજાઈ


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ કાલોલની ખાસ કારોબારી બેઠક યોજાઈ. જેમાં જિલ્લા મહાસંઘના સંઘઠન મંત્રી વિજયભાઈ પટેલ, જિલ્લા વરિષ્ઠ સલાહકાર દિનેશભાઈ પટેલ, સદસ્યતા અભિયાનના કાલોલ તાલુકાના પ્રભારી હર્ષદભાઈ પટેલ, જિલ્લા સહમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા દત્તક દીકરી યોજનાના જિલ્લા કન્વીનર હસુમતીબેન પટેલ સાથે તાલુકા મહાસંઘના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ તેમજ સારસ્વત મિત્રો કારોબારી બેઠકમાં હાજર રહેલ હતા. આગામી સમયમાં આખા તાલુકમાં શૈક્ષિક મહાસંઘ દ્વારા સદસ્યતા અભિયાન શરૂ કરી ગત વર્ષે તાલુકા માંથી ૯૦% જેટલા શિક્ષકો જોડાયેલ હતા. ચાલુ વર્ષે પણ વધુમાં વધુ શિક્ષકો જોડાય એ માટે મહાસંઘના અધ્યક્ષ વિનોદકુમાર અમીન દ્વારા પાંચ પગાર કેન્દ્ર દીઠ એક પ્રભારીની નિમણૂંક તથા દરેક પગારકેન્દ્રમાં એક કાર્યકર્તાની નિમણૂંક કરી ચોક્કસ આયોજન કરવામાં આવ્યું અને તમામ કાર્યકર્તાઓએ ૯૫% સભ્યો જોડાય એવો સંકલ્પ કર્યો. ત્યારબાદ તાલુકાના મહિલા સહમંત્રી નિમિષાબેન પટેલને ઉચ્ચતર માધ્યમિકમાં સાયન્સના શિક્ષક તરીકેની અન્ય જિલ્લામાં નિમણૂંક મળતા કાલોલ તાલુકામાંથી પ્રા.શિક્ષકની નોકરી માંથી રાજીનામું આપતા મહાસંઘના હોદ્દાની એમની જવાબદારી માંથી મુક્તિ આપવામાં આવેલ હતી. બીજું મહાસંઘનું પોતાનું તાલુકા કક્ષાનું રાષ્ટ્રીયકૃત બેંકમાં નવીન એકાઉન્ટ ખોલાવવાની મંજુરી આપેલ હતી. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ કાલોલ દ્વારા ગત વર્ષમાં કરેલ સમાજસેવાના કાર્યો તેમજ શિક્ષકહિતની રજૂઆતોની ચર્ચા કરવામાં આવી તથા આગામી વર્ષમાં પણ નવીન રજૂઆતો લઈ કારોબારી બેઠક બાદ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની મુલાકાત કરતા તેઓ એ તમામ રજૂઆતોનું સુખદ નિરાકરણ લાવવાની ખાતરી સાથે ટુંક સમયમાં તારીખ વાઈઝ પગારકેન્દ્ર વાર તાલુકા કક્ષાએ સર્વિસબુકના અપડેશન માટેનો કેમ્પ યોજવાની ખાતરી આપેલ હતી.

આજની કારોબારી બેઠકમાં ઉપસ્થિત તમામનો મંત્રી દ્વારા આભાર વ્યકત કરવામાં આવેલ હતો અને અંતમાં શાંતિ મંત્ર બોલી બેઠક પૂર્ણ કરવામાં આવી.

# ગોધરામાં વીજ કંપનીના મેન્ટેનન્સ બાદ હવે વરસાદમાં લાઈટ જશે ખરી ??


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,
ગોધરા શહેરમાં વીજ મેન્ટેનન્સ ને લઈ વીજ કંપની દ્વારા મંગળવારે સવાર થી જ વીજ સપ્લાય બંધ કરી દેવામાં આવ્યો હતો. ત્યારે વીજ કર્મીઓ દ્વારા શહેરના વિવિધ વિસ્તારમાં મેન્ટેનન્સની કામગીરી હાથ ધરાઈ હતી. ત્યારે નગરજનોમાં ચર્ચા હતી કે, હાલ વીજ કર્મીઓ મેન્ટેનન્સની કામગીરી તો કરી રહ્યા છે, પણ જો રાત્રીના સમયે વરસાદ પડે તો લાઈટ જશે કે કેમ??? આ તો નગરજનો ખાલી પૂછી રહ્યા છે.

## ૮ દિવસમાં આદેશ બદલાયો

# કચ્છ-પંચમહાલના કલેક્ટરોને મૂળ જિલ્લામાં અદલાબદલી કરાઈ




ગોધરા,
તાજેતરમાં જ ગુજરાતમાં એકસાથે ૭૭ આઈએએસ અધિકારીઓની બદલી કરવામાં આવી હતી. કોરોનાકાળમાં આ સૌથી મોટો ટ્રાન્સફર ઓર્ડર હતો. પરંતુ આ બદલીમાં એક ફેરફાર કરવામાં આવ્યો છે. કચ્છ અને પંચમહાલના કલેકટરની અદલાબદલી કરવામાં આવી છે. બે દિવસ પહેલા ગૃહ વિભાગમાંથી છૂટેલા આદેશ મુજબ, બંને કલેક્ટરોને ફરીથી જૂના જિલ્લા સોંપવામાં આવ્યા છે.

તાજેતરમાં જ ગુજરાતમાં મોટાપાયે આઈએએસ અધિકારીઓના બદલીના આદેશ કરાયા હતા. ૭૭ આઈએએસ ઓફિસર બદલાયા હતા. ત્યારે આઈએએસ અધિકારીઓની બદલી બાદ ફીએકવાર ફેરબદલ કરવામાં આવ્યો છે. કચ્છ અને પંચમહાલના કલેક્ટરોને તેમના મૂળ જગ્યાએ ફરી બદલીના ઓર્ડર કરાયા છે. કચ્છ અને પંચમહાલ કલેક્ટર બદલાયા છે. પહેલા કચ્છ કલેક્ટર પ્રવિણા ડીકેને પંચમહાલ બદલીનો ઓર્ડર કરાયો હતો. જેમને હાલ ફરી કચ્છ મૂકાયા છે. તો પંચમહાલ કલેક્ટર સુજલ મ્યાત્રાને કચ્છ મૂકાયા હતા, જેમને ફરી પંચમહાલમાં મૂકાયા છે. આમ, બંને કલેક્ટરોને તેમના મૂળ જિલ્લા પાછા અપાયા છે.

આ ઉપરાંત બે દિવસ પહેલા કે.રાજેશને ગૃહ વિભાગમાંથી બદલી કરી સામાન્ય વહીવટ વિભાગમા મૂકાયા હતા. ત્યારે સમગ્ર મામલે નિર્ણય લેનારાઓની અણઆવડત છતી થાય છે. માત્ર આઠ દિવસમાં આદેશ બદલાયો છે. ત્યારે હવે, હાલમાં જ ચાર્જ લેનારા આઈએએસ અધિકારીઓ ફરીથી તેમના મૂળ જગ્યાએ જશે. સુજલકુમાર મ્યાત્રા ફરી પંચમહાલ જશે, અને પ્રવિણા ડીકે ફરી કચ્છમાં કલેકટરનો ચાર્જ લેશે.